# હંસનો ચારો



પૂજ્ય શ્રી ચિત્રભાનુજી

# હંસનો ચારો



પૂજ્ય શ્રી ચિત્રભાનુજી

★ હંસનો ચારો

★ પ્રકાશકઃ
સ્વાધ્યાય મંદિર ચેરિટેબલ ટ્રસ્ટ
ઈ/૧, ''કવીન્સ વ્યૂ''
૨૮/૩૦, વાલકેશ્વર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.

★ પ્રાપ્તિસ્થાનઃ
નવભારત સાહિત્ય મંદિર,
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

★ વીર. સં. ૨૫૨૨

★ મુદ્રકઃ
સાગર આર્ટ ગ્રાફિક્સ્
ફોનઃ ૮૮૮ ૬૭ ૧૧

★ કિંમત રૂા. ૧૦/-

# આજનો દિવસ

આજનો દિવસ આપણો છે.

આજ નો દિવસ નવો છે , કોરો છે.

સદ્ભાવ, ઉત્સાહ, આશા, શ્રદ્ધા અને મૈત્રીનાં પ્રકાશ કિરણોથી ભરીને આપણે આપણા દિવસને જીવંત કરવાનો છે.

વર્ષનો દરેક દિવસ સૂર્યના તેજ કિરણો સાથે ઉગે છે.

નવા વર્ષની આપણી નોંધપોથીનાં પાનાં કોરા છે. આપણે ધારીએ તે રીતે આને ભરી શકીએ છીએ.

આજના આ દિવસને અશાંતિ, કુસંપ, કલહ, દ્વેષ, આળસ, હિંસા, સ્વાર્થ અને દુશ્મનાવટથી કલુષિત કરી અંધકારમય બનાવવો છે, કે પછી....શાન્તિ, સંપ, સૌન્દર્ય, સર્જન, સૌજન્ય, પ્રેમ, સેવા અને મૈત્રીથી ઉજ્જવળ કરી ધન્ય બનાવવો છે?

પસંદગી હવે આપણા હાથમાં છે.

આજનો દિવસ ધન્ય છે. કારણ કે આપણે આપણી શક્તિઓ પ્રત્યે પ્રબુદ્ધ થયા છીએ, જાગૃત થયા છીએ.

જરા આકાશ તરફ નજર ઉઠાવીને તો જુઓ! આ અરુણોદય, રંગીલા અજવાળાથી પૃથ્વીને જીવનથી ભરી દેતા સૂર્યના આગમનની આગાહી કરે છે.

એ પૃથ્વીના વાત્સલ્યભર્યા આશીર્વાદ તો જુઓ! એના પ્રેમાળ હુંફાળા ખોળામાં આપણને પોષણ મળે છે. મુક્ત હવાથી આપણને પ્રાણશક્તિ મળે છે. પ્રકૃતિમાં પર્યાવરણના સમર્પણની ઉષ્મા, પંખીઓના મધુર કલરવ, ચારે બાજુ વેરાયેલું લીલું લીલું ઘાસ, ફૂલોથી ઉભરાતા ઉપવનો, ફળોથી લચી પડતાં વૃક્ષો- આ બધાને શાન્તિ અને ધન્યતાથી હૈયામાં ભરવાની આ પળ છે.

આ પળોને પ્રસન્નતાથી સ્વીકારવી કે જતી કરવી એ આપણા હાથમાં છે.

તો ચાલો, આપણે આપણા અંતરના વિચારોને આ ક્ષણથી જ બદલી જીવનની દિશા બદલીએ. પ્રકાશ પ્રતિ પ્રયાણ કરીએ.

-ચિત્રભાનુ

# કાવ્ય

જીવન એ એક મહાકાવ્ય છે. એનું આલેખન અદ્રશ્ય અને ગાન મૌન છે. આપણે એને વાંચી તો નથી શકતા પણ એના સંગીતને સાંભળીય નથી શકતા. કારણ કે આપણું કરુણાનું ઝરણું સુકાઈ ગયું છે. શાન્તિ અને આનંદ જરૂર મળે-જો સહૃદયતાભરી દ્રષ્ટિથી વિશ્વના જીવોના જીવનનું વાંચન થાય!

# અંદર અને બહાર

મન હળવું, સરળ અને વિકસિત હોય ત્યારે બહાર નર્કની યાતના દેખાતી હોય તો પણ અન્તરમાં સચ્ચાઈના સુખનો આનંદ ઉભરાતો હોય છે. પણ જ્યારે મન ભારે, દંભી અને સંકુચિત હોય છે, ત્યારે તો બહાર સ્વર્ગનો વૈભવ દેખાવા છતાં હૈયાને છૂપી છૂપી નર્કની યાતના પીડતી હોય છે!

# જીવન એટલે જીવવું

જીવન અંગે કંઈ પણ ન જાણવા છતાં 'સર્વ કંઈ જાણું છું' એમ માનનારા જીવનના અજાણ ઘણા છે, પણ જીવન અંગે ઘણું ઘણું જાણવા છતાં એ જાણવાનો દેખાવ કર્યા વિના જીવનારા જીવનના જાણકાર તો સાવ વિરલ છે.

# બ્રહ્મ અને જગત

"**ब्रह्म सत्यं जगन्मिथ्या**" આ ભવ્ય સૂત્ર સ્વતંત્ર ચિંતન માંગે છે. બ્રહ્મ એટલે ચેતનવાળું વિશ્વ. અને જગત એટલે વિકલ્પોથી ઉભરાતું માનવીનું મન! ચેતનાવાળું વિશ્વ સત્ય છે અને ક્ષણે ક્ષણે અનેક ઈચ્છાઓને જન્મ આપતું મન-જગત-એ મિથ્યા છે. એટલે જ તત્ત્વવિદો કહે છે કેઃ અર્થહીન વાતોને જન્મ આપતી મનની સૃષ્ટિને મિથ્યા-ખોટી ગણી, બ્રહ્મ એટલે આત્માના સત્યપંથનો સાદ સાંભળી ચાલો.

# ધ્યેહીન

સાગરકિનારે હું બેઠો હતો. અનન્ત જળરાશી પર ડોલતી એક નૌકા પર મારી નજર પડી. ધ્યેયહીન ડોલતી નૌકા જોઈ મને જીવન સાંભરી આવ્યું! જીવન પણ નૌકા જેવું છે ને? બંદરનો નિર્ણય કર્યા વિના જે નૌકા લંગર ઉપાડે છે અને અનંત સાગરમાં ઝંપલાવે છે, તેના માટે વિનાશ નિશ્ચિત છે; તેમ ધ્યેયનો નિર્ણય કર્યા વિના સંસારસાગરમાં જીવન-નાવને વહેતું મુકનાર માટે પણ નિષ્ફળતા નિશ્ચિત છે.

# વાચાની મર્યાદા

મિત્રો! બોલતાં આવડે તો જરુર બોલજો. તમારા હૈયામાં જગતને આપવા જેવો મૈત્રીનો પ્રેમ સંદેશ છે એમ તમારા આત્માને લાગે તો જરુર બોલજો. પણ તમારા બોલવાથી માત્ર જગતમાં શત્રુઓ જ ઊભા થતા હોય, કોઈના દિલને ઠેસ લાગતી હોય, તો મૌન મઝાનું છે. આમ મૌન રહેવાથી કદાચ તમારા હાથે માનવજાતનું હિત નહિ થાય, તો પણ અહિત તો નહિ જ થાય.' પપ્પા પાપ ન કીજીએ, પુણ્ય કર્યું સો વાર!'

# સ્પર્ધા કોની?

સજ્જનને દુર્જન સાથે સ્પર્ધા કરવાનું મન થાય તો આટલો વિચાર કરવો.

પાણી અને મેલ વચ્ચે સ્પર્ધા થાય તો ખોવાનું કોને? ખોવાનું પાણીને! મેલને ખોવાનું હોય શું? મેલ થોડો જઉજળો થવાનો છે? ઉજળું પાણી જ મેલું થવાનું! આપણી ઉજ્જવળતાને સ્પર્ધામાં મલિન શાને કરવી?

# જોડનાર કે તોડનાર?

છે તો બન્ને ગજવેલનાં જ- કાતર પણ ગજવેલની અને સોય પણ ગજવેલની-પણ કાતર એકના બે કરે છે, જ્યારે સોય બેનાં એક કરે છે. એટલે જ દરજી કાપનાર કાતરને પગ નીચે રાખે છે અને જોડનાર સોયને જાળવીને માથાની ટોપી ઉપર ગોઠવે છે.

સંકલ્પ કરો તો તમે જોડનાર અત્યારથી જ બની શકો. શું થવું એ આપણા જ હાથમાં છે.

# સૌરભની સ્મૃતિ

જવું જ છે? તો જઈએ. આવ્યા છીએ તો ખુશીથી જઈએ, પણ જતાં જતાં સ્વાર્થની દુર્ગન્ધને બદલે સ્નેહ, સેવા, સદાચાર અને સૌજન્યની સુરભિ મૂકતા જઈએ જેથી એ સુરભિની પુણ્યસ્મૃતિ પર કોઈકની આંખ તો ઠંડી થાય!

# શૈશવ

મેં વળી ક્યારે કહ્યું હતું કે પ્રૌઢત્વ મને પ્રિય નથી અને વાર્ધક્ય વેઠવું મને પસંદ નથી? હું તો કહું છું કે પ્રતાપી પ્રૌઢત્વ પણ આવજો ને શાણું વાર્ધક્ય પણ આવજો; પણ મારું કહેવું તો એટલું જ છે કે શૈશવભાવ ન જશો, -જે મસ્ત શૈશવ ગરીબ ને શ્રીમંતના ભેદને પિછાણતું નથી, ફૂલ જેવા નિર્દોષ હાસ્યને તજતું નથી, બૂરું કરનારને પણ દાઢમાં રાખતું નથી, હૈયાની વાતને માયાના રંગથી રંગતું નથી અને વાત્સલ્યની ભાષા સિવાય બીજી ભાષા જાણતું નથી,- એવું મધુરું શૈશવ, જીવનની છેલ્લી પળે પણ ના જશો!

# સંયમ કે જડતા?

સંયમ એ તો કરુણા અને ભાવોર્મિને નવપલ્લવિત રાખનાર નિર્મળ નીર છે. સંયમથી કરુણાનાં વૃક્ષો અને ભાવોર્મિની વેલડીઓ જો સુકાઈ જતી હોય તો માનજો કે એ સંયમ નથી, પણ સંયમના આકર્ષક વસ્ત્રોમાં સજ્જ બનેલી જડતા છે.

જ્યાં સંયમના નામે જડતાની પૂજા થાય ત્યાં દંભના દેખાવ અને કુસંપના ભડકા થાય તેમાં નવાઈ શું?

# વાદળી

વર્ષાની એક માઝમ રાતે વરસતી વાદળીને મેં પૂછ્યું: 'કાં અલી! આટલી ગર્જના કેમ કરે છે? કાંઈક ધીરી ધીરી વરસને!'

વરસતી વાદળીએ મુક્ત હાસ્યમાં સંકેત કર્યો: 'અમને પીવા છતાં તારામાં અમારો ગુણ ન આવ્યો એટલે ભલા માનવી! મારે તને ચેતવવો પડ્યો. અમે સાગરનાં ખારાં પાણી પીને પણ ચોમાસામાં મીઠી જળધારાઓ વરસાવીએ છીએ, ત્યારે તું અમારાં મીઠાં જળ પીનેય કડવી વાણીનાં પાણી ટપકાવે છે, એટલે કહેવા આવી છું કે કડવા ઘૂંટડાને હૈયામાં ઉતારી, અમૃતના ઓડકાર મોંમાંથી કાઢ ને!'

# માનવજીવન એક યાત્રા

જીવન એક યાત્રા છે.

આ પ્રવાસમાં વિશ્વના જીવો સાથે મૈત્રીભાવ, ગુણવાનો પ્રત્યે પ્રમોદ ભાવ, દુ:ખી જીવો પ્રત્યે કરુણા ભાવ અને માર્ગ ભૂલેલા માનવ પ્રત્યે માધ્યસ્થભાવ કેળવી આત્મા મહાત્મા બને છે. અને આત્મજ્ઞાનના ધ્યાનમાં એ જ મહાત્મા પરમાત્મા બને છે.

આ યાત્રા પરમાત્મ પ્રતિની છે.

# ક્ષણ ક્ષણ બદલાઈ રહી છે

ભવિષ્યમાં આવનાર દુ:ખની ચિંતા કરી આજના દિવસે દુ:ખી થવું એ તો ન લીધેલ રકમ પર ચક્રવર્તી વ્યાજ ભરવા જેવી વાત થઈ.

સમય તો ક્ષણે ક્ષણ બદલાઈ રહ્યો છે. ત્યારે કાલની તો વાત જ શું કરવી? આજને સમજથી વીતાવીએ તો કાલ સરસ થશે જ.

બીજ સારું હશે તો ફળ સારાં આવશે જ.

# સત્યનો મહિમા

સત્યને પ્રકાશ અને અસત્યને અંધકાર એટલા જ માટે કહેવામાં આવે છે કે સત્યવાદી પ્રમાદથીય અસત્ય બોલી જાય તો પણ લોકો એને સત્ય માને; જ્યારે અસત્યવાદી કોઈ પ્રસંગે મહાન સત્ય ઉચ્ચારી જાય તોયે લોકો એને અસત્ય જ ગણે.

# દીન નહિ

ઓ મારા ભાગ્ય! મેં વળી તને ક્યારે કહ્યું હતું કે તું મને પૈસાદાર બનાવ? હું તો તને આજ પણ કહું છું કે બધું લઈ લે. મારું કહેવું તો એટલું જ છે કે મને માનવતાવિહોણો અને દીન બનાવીશ નહિ.

આત્મ શ્રદ્ધાની મસ્તીમાં જીવવાનું આનન્દ ધન લૂંટીશ નહિ.

# હાનિ કોને?

સુંદર વસ્તુઓને વિકારી દ્રષ્ટિથી નિરખનારા ઓ માનવી! તારા વિકારી નિરીક્ષણથી સુંદર વસ્તુઓ અસુંદર નહિ થાય; પણ તારાં નયનો અને તારું માનસ તો જરુર અસુંદર થશે! હાનિ સુંદરતા કરતાં, તને પોતાને વિશેષ છે, એનો શાંત ચિત્તે, એક પળ તો વિચાર કર.

મલિન થયેલી દૃષ્ટિ જીવન સૌંદર્યને કેમ જોઈ શકશે?

# સત્ય

સોનું કોને નથી ગમતું? સૌ એને ચાહે છે. પણ અગ્નિમાં તપેલી સોનાની લાલચોળ લગડીને હાથમાં ઝાલવા કોઈ જ તૈયાર નથી, તેમ સત્ય પણ સૌને ગમે છે પણ એને કટુતાના પાત્રમાં પીરસશો તો એને કોઈ નહિ ઝીલે. તમારે સત્ય જો પીરસવું હોય તો પ્રિયતાનાં પાત્રમાં પીરસો ને ! તો આ પથ્ય સત્યની મીઠાશ માણી શકાશે.

# અંદર શોધ

હે માનવ! તું બહાર શું શોધે છે? અંદર આવ. જેને તું પાપાત્મા કહી ધિક્કારે છે ને જેનાથી તું દૂર ભાગે છે, તે તારા હૃદયમંદિરના વામ ખંડમાં સંતાયેલો છે : અને જેને તું પુણ્યાત્મા કહી પૂજે છે ને જેના સાંનિધ્ય માટે તું ઝંખે છે, તે તારા હૃદયમંદિરના જમણા ખંડમાં પોઢે છે. માટે કર વાત્સલ્યનો નાદ! જેને શોધે છે, એ તારી સામે સાક્ષાત ખડો થશે.

# સંગનો રંગ

ગટરનું અપવિત્ર જળ ગંગાના પ્રવાહમાં ભળે તો એ ગંગાજળ કહેવાય જ્યારે ગંગાનું પવિત્ર જળ પણ ગટરમાં ભળે તો એ ગટરનું ગંદુ પાણી કહેવાય, તેમ દુર્જન, સજ્જનોમાં ભળે તો એ દુર્જન પણ ધીમે ધીમે સજ્જનમાં ખપે અને સજ્જન, દુર્જન સાથે વસે તો એ સજ્જન પણ દુર્જન કહેવાય! સંગના રંગ તો જુઓ!

# સંયમની પૂજા

દેવમાં સંયમની ઉજળી ભાવનાને પ્રતિષ્ઠિત કરીને જ નારી દેવને પૂજે છે. નારીની આરતીમાં અખંડ શિખાએ જલતી જ્યોત એ સંયમનું જ પ્રતીક છે, એટલે નારી ખરી રીતે દેવની આરતી નથી ઉતારતી પણ સંયમની જ આરતી ઉતારે છે. સંયમના ચરણોમાં શ્રદ્ધાથી નમન કરતી નારીને દેવની પૂજારણ કહેવા કરતાં સંયમની પૂજારણ કહેવામાં નારીનું ઔચિત્ય અને ગૌરવ બન્ને જળવાય છે.

# અનુભવના વેણ

જ્યાં સુધી માનવીને માથે વિપત્તિ નથી આવી ત્યાં સુધી એ એમ કહી શકે છેઃ 'એમાં તે શી મોટી વાત છે? વિપત્તિનો સામનો હસતાં મુખે કરવો જોઈએ.' પણ જ્યારે વિપત્તિએ ખરેખર એને ત્યાં મુકામ કર્યો હોય ત્યારે જો આ વાક્ય આત્મ શ્રદ્ધાપૂર્વક બોલાય તો આ સામાન્ય વાક્યની કિમ્મત ઋષિવાક્ય કરતાં પણ અનેકગણી પ્રેરણાદાયક બની જાય.

# વિચાર

કબાટનાં ખાનામાં નકામી વસ્તુઓ ઠાંસી ઠાંસીને ભરી રાખી હોય તો પછી એમાં સુંદર વસ્તુ ગોઠવવા જોટલી જગ્યા રહેતી નથી. અને પરાણે જ્યાં ત્યાં ગોઠવીએ તો એ કચરામાં મૂલ્યવાન વસ્તુ ક્યાંય અટવાઈ જાય, માટે આપણા મગજનાં ખાનામાં પહેલેથી જ સુગંધભર્યા સુંદર વિચારો ગોઠવીએ કે નકામાને માટે જગ્યા જ ન હોય.

# અપ્રમાણિક

અપ્રમાણિક અને શિયળહીન માનવીને ખસથી સડેલા, દુર્ગન્ધવાળા કૂતરાની ઉપમા અપાય છે. કૂતરાની પેઠે આવા માણસને પણ કોઈ પોતાના આંગણામાં આવવા દેતું નથી. અને જો અજાણતાં આવી જાય તો એને કોઈ પ્રેમથી પડખામાં તો બેસાડતું નથી જ.

# અનુભવ

તમે મને મારા જીવનપંથના અનુભવોનું વર્ણન કરવા કહો છો અને એમાંથી પ્રેરણા મેળવી, તમે તમારા જીવનની સમસ્યાઓને ઉકેલવા માંગો છો? તો જરા ઊભા રહો; મારા અનુભવોમાંનો એક મહત્વનો અનુભવ કહું: આપણે કોઈનો અનુભવ, કોઈની વિશિષ્ટતા કે ખાસિયત ઉધાર લેવાની જરુર નથી. જીવનપંથમાં આગળ વધવા માટે આ ત્રણ વાતની આવશ્યકતા છેઃ સંયમ, આત્મવિશ્વાસ અને પળેપળની જાગૃતિ.

# ફૂલનાં આંસુ

કરમાતાં કરમાતાં રડી પડેલા પુષ્પને મેં પૂછ્યું: 'સોહામણા ફૂલ! વિદાય વેળાએ રડે છે શા માટે?'

એણે ઉત્તર વાળ્યો: 'ભાઈ કોઈક થાકેલ પ્રવાસીને સુગંધથી શાતા આપવાનું સદ્ભાગ્ય તો ન મળ્યું પણ સાદાઈના ચરણોમાં સમર્પિત થવાની તક પણ ન મળી. કોઈનાય ઉપયોગમાં આવ્યા વિના કરમાઈ જવાની પળ આવી એટલે મને લાગી આવ્યું અને મારી આંખમાંથી આંસુ સરી આવ્યાં!'

# પ્રેમ અને મોહ

વિશ્વના સૌ જીવોના કલ્યાણ મૈત્રીમાંથી જન્મેલા પરમાર્થી સંબંધનું નામ પ્રેમ. અને વ્યક્તિગત જીવનના સુખની કલ્પનામાંથી પ્રગટેલા સ્વાર્થી સંબંધનું નામ મોહ. પ્રેમના ઉજ્જવળ કિરણો સામા માણસના બિડાઈ ગયેલા હૃદયકમળને પણ વિકસાવે છે, ત્યારે મોહનાં શ્યામ કિરણો માનવીના વિકસેલા હૈયા-ફૂલને પણ સંકુચિત બનાવે છે. આથી જ પ્રેમને પ્રકાશ અને મોહને અન્ધકાર કહે છે.

# અણુ

વસ્તુ નાની છે એટલે એની કિંમત તમારે મન કાંઈ જ નથી પણ એક નજર તો અહીં નાખો! આ નાનકડા આગના તણખાએ આખા વનને રાખની ઢગલીમાં ફેરવી નાંખ્યું. આ નાનકડા છિદ્રે આ મહાનૌકાને સાગરમાં જળસમાધિ લેવરાવી. આ નાનકડા બીજે વડ બની આ વજ્ર જેવી દીવાલને પણ ચીરી નાંખી. આ નાનાશા અણુઓના બૉમ્બે હીરોશિમા અને નાગાશાકીનો નાશ કરી દીધો. છતાં નાની વસ્તુનું મૂલ્ય તમારે મન કાંઈ જ નથી? તો પછી अणोरणियान् महतो महियान्' એવો આત્મા કેમ સમજાશે?

# ક્રાન્તિ

ક્રાન્તિ થઈ રહી છે, માનવતાનો ધરમૂળથી ફેરફાર થઈ રહ્યો છે. માનવતાને દૂર ફગાવી, ઝડપથી, શોષણથી યુદ્ધ તરફ ધસવું એનું નામ ક્રાન્તિ? માણસ આજે બાહ્ય દ્રષ્ટિએ બે ડગલાં આગળ દેખાય છે, પણ આંતરિક દ્રષ્ટિએ તો એ ચાર ડગલાં પાછળ પડી રહ્યો છે, અને તેથી જ એક ઠેકાણે અન્નકૂટ દેખાય છે, ત્યારે બીજી બાજુ અનાથ માનવ અન્ન વિના રિબાઈ રિબાઈને મરી રહ્યો છે....રે, ક્રાન્તિ!

# ભાવના

પ્રાણી માત્રના જીવનમાં ભાવના અતિ મહત્વનો ભાગ ભજવે છે. એટલા જ માટે ચિન્તકો માણસના સ્થૂલ કાર્યને નથી જોતા, પણ એની પાછળ કામ કરતી સૂક્ષ્મ ભાવનાને અવલોકે છે. કાર્ય એક જ હોય છતાં ભાવના ભિન્ન હોય તો પરિણામ જુદું જ આવે. બિલાડી જે દાંતથી પોતાના બચ્ચાને પકડે છે, એ જ દાંતથી ઉંદરને પણ પકડે છે; પણ એમાં અંતર આકાશનું અને પાતાળનું છે. એકમાં રક્ષણની ભાવના છે; બીજામાં ભક્ષણની. એકમાં વહાલ છે, બીજામાં વિનાશ!

# આસું

મેં તને ક્યારે કહ્યું હતું કે આસું આપીશ નહિ! મેં તો એટલું જ કહ્યું હતું કે દંભનાં, ક્રોધનાં કે શોકનાં અપવિત્ર આસું આપીશ નહિ.

આપે તો પ્રેમનાં, કરુણાનાં કે સહાનુભૂતિનાં પુનિત આસું આપજે!

# સચ્ચાઈનું સંગીત

જે માણસ પોતાના કાર્યક્ષેત્રમાં કુશળ અને સાચો હોય તો તે વિશ્વના ગમે તે સ્થાનમાં સફળતા મેળવી શકે છે.

આપણા પ્રત્યેક કાર્યમાં સચ્ચાઈનું મધુર સંગીત ભરશું તો તે ચારે બાજુ ગુંજ્યા વિના રહેશે ખરું?

સચ્ચાઈનું સંગીત બીજાના મનને ભરતા પહેલા ગાનારના દિલને પહેલા ભરે છે.



## વિશ્વ મૈત્રીની મંગલ ભાવના

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે,
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોનાં ચરણ કમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે.
દીન ક્રુર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ શ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરના પાપ ત્યજીને, મંગલ ગીતો એ ગાવે.